RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com



(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

Tax Today (Monthly)

RNI No.GUJGUJ/2016/74805



Wish our dearest Mom a very Happy B day. May God Bless you with a healthy life forever

**Jyotiben D. Popat**

With Warm Compliments from

Dipakbhai Popat
CA CHINTAN POPAT
DR. HEMANDRI POPAT
ADV. BHAVYA D. POPAT
KIRAN POPAT
DHANVI & DIYA





Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષઃ ૬, ◆ અંકઃ ૭, ◆ સળંગ અંકઃ ૬૭, ◆ તા.૨૧/૦૫/૨૦૨૨, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઈ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,


# Mega Tax Conference held at Surat, Tax professionals throughout India became part of the Conference







Dt. 01.05.2022: Surat witnessed a mega tax conference on the last day of April at Surat Marriot hotel, Athva lines. All India Federation of Tax Practitioners, WZ, jointly with Surat branch of WIRC of ICAI and The Southern Gujarat Income Tax Bar Association organized this mega One Day Tax Conference. Mr Pramod Jagtap, Vice President of Income Tax Appellate Tribunal, Ahmedabad graced the inaugural session of the Tax Conference as the Chief Guest. Shri Pavan Singh, Judicial Member and Dr A L Saini, Accounts member of Income Tax Appellate Tribunal, Surat attended the conference as Guest of Honor. The Conference covered details studies on the subject of Income Tax and Goods Service Tax. The likes of veteran Lawyer and designated senior Advocate of Mumbai High Court Dr K Shivram chaired a session on Income Tax, which was addressed by well-known Gujarat High Court Adv. Manish J Shah. All India Federation of Tax Practitioners more commonly known as AIFTP, Deputy Chairman Adv Pankaj Ghia, Jaipur chaired the session on Goods and Service Tax which was addressed by dynamic speaker from Amritsar Mrs Aanchal Kapoor. The two technical session were followed by brain storming brain trust session where the queries raised by the tax professionals were discussed at length. The likes of Adv. Nikita Badheka, Mumbai, Adv. Hemant Desai thrown light on Goods and Service Tax where as CA Yogesh Shah Ahmedabad CA Ramesh Malpani discussed the questions relating to Income Tax. CA S K Kabra performed the duty of the moderator for the session. Conference chairman Shri Samir Jani, Congratulated the organizers for successful conference. Past President, AIFTP M Srinivas Rao, AIFTP national Secretary General CA Jamuna Shukla, Shri Santosh Gupta, Vice President (Western Zone), Shri Anand Pasari, Vice President(Eastern Zone), Jt Secretary National Executive Committee(NEC), Shri Chirag Parekh, NEC member Bhashkar Patel with many other senior members specially attended the conference from various parts of the country. They all unilaterally congratulated CA Mitish Modi, West Zone Chairman and his team for the successful conference. Nearly 330 delegates from all over India attended the conference. Vice Chairman AIFTP WZ Adv. Ashvin Acharya, proposed vote of thanks for the conference. Advocate Shahank Mithaivala, Adv. Fenil Sukhramwala, CA Akshay Modi, Adv. Dharmesh Gangadwala and other members under the able leadership of CA Mitish Modi, put their whole hearted efforts to make the conference a grand success.

**Bhavya Popat, Editor, Tax Today**

# ઈન્કમ ટેક્સ હેઠળ ફરજિયાત સ્ક્રુટિની અંગેની માર્ગદર્શિકા બહાર પાડતી CBDT

## કરદાતાને ૧૪૨(૧) હેઠળ ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવા નોટિસ આવેલ હોય અને રિટર્ન ના ભરવામાં આવે તો આ ભૂલ સાબિત થઈ શકે છે ગંભીર!!

તા. ૧૬.૦૫.૨૦૨૨: કરદાતાઓ દ્વારા ભરવામાં આવેલ ઈન્કમ ટેક્સ રિટર્ન કોઈ પણ જાતની વિશિષ્ટ તપાસ કર્યા વગર સ્વીકારી લેવામાં આવતું હોય છે. પરંતુ અમુક ખાસ કિસ્સાઓમાં તથા વિશિષ્ટ સંજોગોમાં ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા કરદાતાના રિટર્નની તથા વ્યવહારોની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવતી હોય છે. આ તપાસને 'ઈન્કમ ટેક્સ સ્કૃટીની' તરીકે ઓળખવામાં આવે છે. વર્ષ ૨૦૨૨ ૨૩ માટે ક્યાં પ્રકારના કેસોની 'સ્કૃટીની' માટે પસંદગી કરવામાં આવશે તે અંગેની એક માર્ગદર્શિકા ઈન્કમ ટેક્સનું નિયમન કરતી સંસ્થા CBDT દ્વારા ૧૧ મે ૨૦૨૨ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. આ માર્ગદર્શિકા મુજબ નીચેના સંજોગોમાં ઈન્કમ ટેક્સ રિટર્ન/કરદાતાની ફરજિયાત તલસ્પર્શી સંપૂર્ણ સ્કૃટીની (તપાસ) હાથ ધરવાની રહેશે.

- જે કરદાતાઓ ઉપર ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 133A હેઠળ સર્વે હાથ ધરવામાં આવ્યો હોય તેવા કેસો. જો કે સર્વે વાળા કેસોમાં જે કેસોમાં કરદાતાના ચોપડા, સાહિત્ય જપ્ત ના કરવામાં આવ્યું હોય, કરદાતાએ સર્વેના વર્ષમાં દર્શાવેલ આવક જે તે વર્ષ પહેલાના આવક કરતાં વધુ દર્શાવેલ અને કરદાતા દ્વારા સર્વેમાં આવામાં આવેલ 'ડિસ્કલોઝર' પરત ના ખેંચવામાં આવેલ હોય તેવા કેસોને આ ફરજિયાત સ્કૃટીની લાગુ પડશે નહીં.




- ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૧૩૨ હેઠળ 'સર્ચ કે સીઝર' કરવામાં આવેલ હોય તેવા કેસો.
- જે કેસોમાં અધિકારી દ્વારા ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૧૪૨(૧) હેઠળ કરદાતાને ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવા જણાવવામાં આવ્યું હોય અને જે કરદાતાઓએ આ નોટિસ મળી હોવા છતાં પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન ના ભર્યું હોય.
- એવા કેસો જેમાં ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૧૪૮ હેઠળ ફેર આકારણી (રી એસેસમેન્ટ) ની નોટિસ આપવામાં આવી હોય.
- એવા કેસો જેમાં ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 12A, 10(23C) જેવી કરમુક્તિ માટે કરદાતા દ્વારા અરજી કરવામાં આવી હોય અને આ અરજી રિજેક્ટ થયેલ હોય,
- પાછલા વર્ષોમાં કાયદા અંગે કે હકીકત અંગે સમાન મુદ્દા ઉપર આકારણી કરી માંગણું ઊભું થયેલ હોય તથા જેનો આવક અંગે ઉમેરો અમદાવાદ જેવા મેટ્રો સિટીમાં ૨૫ લાખથી વધુ હોય તથા તે સિવાયના શહેરોમાં ૧૦ લાખથી વધુ હોય અને કરદાતા આ અંગે અપીલમાં ના ગયા હોય અથવા તો અપીલમાં ગયા હોય ત્યાં અપીલ ડિપાર્ટમેંટની તરફેણમાં ચુકાદો આવ્યો હોય.
- એવા કેસો જ્યાં કરદાતા દ્વારા કરચોરી આચરવામાં આવી હોવા અંગેની વિગતો ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ પાસે ઉપલબ્ધ હોય.

આ માર્ગદર્શિકામાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જ્યારે કરદાતાને ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવા અંગે ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૧૪૨(૧) હેઠળ નોટિસ આપવામાં આવેલ હોય અને કરદાતા દ્વારા ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી આપવામાં આવ્યું હોય ત્યારે તેવા કેસોની સ્કૃટીની ફરજિયાત પણે કરવાની રહેશે નહીં પરંતુ CASS એટલેકે કોમ્પ્યુટર એઈડેડ સ્કૃટીની સિલેકશન દ્વારા કરવાની રહેશે. એ બાબત ધ્યાને રાખવી જરૂરી છે કે ઉપરોક્ત કિસ્સાઓમાં જણાવેલ છે તે ઉપરાંત CASS દ્વારા અનેક રિટર્નની તપાસ 'લિમિટેડ સ્કૃટીની' તરીકે કરવામાં આવતી હોય છે. આ 'લિમિટેડ સ્કૃટીની'માં 'રેંડમ સિલેક્શન' તથા 'ક્રાઈટેરિયા બેઈઝ સિલેકશન' કરવામાં આવતું હોય છે. આ માર્ગદર્શિકામાં સ્પષ્ટ રીતે અધિકારીઓને જણાવવામાં આવ્યું છે કે, તેઓ દ્વારા ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ 'સ્કૃટીની' અંગેની ૧૪૩(૨) હેઠળની નોટિસ ૩૦.૦૬.૨૦૨૨ સુધીમાં આપી દેવાની રહેશે. આ 'સ્કૃટીની' માટેના કેસોની પસંદગી ૩૧.૦૫.૨૦૨૨ સુધીમાં કરી લેવાની રહેશે.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**


DSC PUBLIC SCHOOL
EXCELLENCE IN EDUCATION

**DSC SCHOOL Of COMMERCE**

Veraval Road, Near Lamdhar Fatak, UNA Mo.+91 8758470700

ધોરણ ૧૦ માં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને ૩૦% સુધીની સ્કોલરશીપ



DSC સ્કૂલના વિદ્યાર્થીઓની ઉના પીપલ્સ કો-ઓપ બેન્કની મુલાકાત



DSC સ્કૂલના વિદ્યાર્થીઓની DEO ની મુલાકાત



DSC સ્કૂલના વિદ્યાર્થીઓની GST ઓફીસની મુલાકાત



DSC સ્કૂલના વિદ્યાર્થીઓની INCOME TAXઓફીસની મુલાકાત



DSC સ્કૂલના વિદ્યાર્થીઓની મારૂતિ જીનીંગ ઈન્ડ.ની મુલાકાત



DSC સ્કૂલના વિદ્યાર્થીઓની કૈલાશ કોટન પ્રા.લી.ની મુલાકાત

એડમીશન ઓપન
ધોરણ:૧૧ અને ૧૨ કોમર્સ
ઈંગ્લીશ/ગુજરાતી મીડીયમ

એડમિશનની વધુ વિગતો માટે વિઝીટ કરોઃ
http://www.dscpublicschool.org

શા માટે કોમર્સ DSC SCHOOL OF COMMERCE ???

- કોમર્સ શીખો કોમર્સ વિષયના તજજ્ઞો પાસેથી
- વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અનુભવ માટે વિવિધ ઇન્ડસ્ટ્રીઝની મુલાકાતો
- વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અનુભવ માટે વિવિધ બેન્કો તથા જી.એસ.ટી., ઇન્કમ ટેક્ષ જેવી સરકારી ઓફીસની મુલાકાતો
- જી.એસ.ટી. અધિકારી, ઈન્કમ ટેકસ અધિકારી જેવા સરકારી અધિકારીઓ, નિષ્ણાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, નિષ્ણાંત વકીલો જેવા તજજ્ઞોના લેક્ચરોનો લાભ
- કોમર્સના વિવિધ વિષયો ઉપર વિદ્યાર્થીઓને લગતા વેબીનાર

# જી.એસ.ટી. હેઠળ ક્રેડિટ લેજર થઈ રહ્યા છે 'અનબ્લોક'!!

## જી.એસ.ટી.ના આ પોઝિટિવ સમાચાર જાણવા છે ખાસ જરૂરી

તા. ૨૫.૦૪.૨૦૨૨: જી.એસ.ટી. હેઠળ કરદાતા દ્વારા ખોટી ક્રેડિટ લેવામાં આવેલ હોય તેવા સંજોગોમાં અધિકારીને કરદાતાનું ક્રેડિટ લેજરમાં રહેલી ક્રેડિટ બ્લોક કરવાની સત્તા આપવામાં આવેલ છે. આ સત્તા જી.એસ.ટી. નિયમો હેઠળના નિયમ 86A હેઠળ આપવામાં આવી છે. જી.એસ.ટી.ના નિયમ 86A મુજબ નીચેના સંજોગોમાં અધિકારી કરદાતાની ક્રેડિટ બ્લોક કરી શકે છે.

- ખરીદનાર દ્વારા એવી ખરીદીની ક્રેડિટ લેવામાં આવેલ છે જેમાં વેચનાર ધંધાનું સ્થળ હયાત નથી અથવા તો નોંધણી દાખલામાં દર્શાવેલ છે તે સિવાયની જગ્યાએ ધંધો કરે છે.
- ખરીદનાર ખરેખર માલ કે સેવા મેળવ્યા વગર માત્ર બિલના આધારે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરે છે.
- ખરીદનાર એવા બિલની કે ડેબિટ નોટની ક્રેડિટ લે જે જેના ઉપરનો ટેક્સ વેચનાર દ્વારા સરકારમાં જમા કરાવવામાં આવ્યો નથી.
- ખરીદનાર, ક્રેડિટ લેનાર કરદાતાનું ધંધાનું સ્થળ હયાત નથી અથવા નોંધણી દાખલામાં જણાવેલ સ્થળે તે ધંધો કરતો નથી.
- ખરીદનાર ઈન્વોઇસ કે ડેબિટનોટ પોતાની પાસે ના હોવા છતાં ક્રેડિટ લે છે.



ઉપરોક્ત દર્શાવેલ સંજોગોમાં અધિકારીને કરદાતાના ક્રેડિટ લેજરમાં રહેલ જમા રકમ બ્લોક કરવા સત્તા આપવામાં આવી છે. એ બાબત નોંધવી ખાસ જરૂરી છે કે ક્રેડિટ લેજર બ્લોક કરવાની સત્તા ક્રેડિટ લેજર બ્લોક કર્યાના એક વર્ષ પૂરતી સીમિત છે. બીજા શબ્દોમાં કહીએ તો અધિકારી દ્વારા કરદાતાની ક્રેડિટ લેજર બ્લોક કરવામાં આવેલ હોય તે દિવસથી એક વર્ષની અંદર અધિકારી દ્વારા કરદાતાની ક્રેડિટ અંગે કાયદા મુજબ કાર્યવાહી કરી લેવાની રહે છે. જો એક વર્ષ સુધી કોઈ કાર્યવાહી કરવામાં ના આવેલ હોય તો એક વર્ષના અંતે ક્રેડિટ લેજર બ્લોક કરવાનો આદેશ રદ્દ થઈ જતો હોય છે. પરંતુ આ પ્રકારે ૧ વર્ષ પછી પણ અનેક ક્રેડિટ લેજર બ્લોક રહેલાના કિસ્સા સામે આવી રહ્યા છે. વિવિધ હાઈકોર્ટમાં આ બાબત પર ઘણી રિટ પિટિશન દાખલ થઈ હોવાની માહિતી મળી રહી છે. આ પ્રકારના કેસોમાં વિવિધ હાઈકોર્ટ દ્વારા રાજ્ય જી.એસ.ટી. તથા સેંટરલ જી.એસ.ટી.ને અનેક વાર ખખડાવવામાં આવ્યા છે. ખાસ કરીને ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ બાબતે જી.એસ.ટી ડિપાર્ટમેંટ વિરુદ્ધ ખૂબ સંગીન ટિપ્પણીઓ કરવામાં આવી છે અને વિવિધ આદેશ દ્વારા એ જાહેર કર્યું છે કે કોઈ પણ સંજોગોમાં કરદાતાની ક્રેડિટ નિયમ 86Aમાં દર્શાવવામાં આવેલ ૧ વર્ષની સમય મર્યાદાથી વધુ બ્લોક કરી શકાય નહીં.

વિશ્વસનીય સૂત્રો પાસેથી મળી રહેલી માહિતી પ્રમાણે હાલ સેંટરલ જી.એસ.ટી. તથા રાજ્ય જી.એસ.ટી. ના અધિકારીઓને જે કરદાતાઓના ક્રેડિટ લેજર ૧ વર્ષથી વધુ સમયથી બ્લોક કરવામાં આવેલ છે તેને અનબ્લોક કરવાની સૂચના આપવામાં આવી છે. આ સૂચનાઓને આધીન અધિકારીઓ કરદાતાઓના ક્રેડિટ લેજર અનબ્લોક કરી રહ્યા છે તેવી માહિતી મળી રહી છે. આ અંગે વાત કરતાં અમદાવાદના જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ દર્શિત શાહ ટેક્સ ટુડેને જણાવે છે કે ''ક્રેડિટ લેજર અનબ્લોક કરવા અંગેની જાણ જ્યારે ઈ મેઈલ ઉપર થઈ ત્યારે સુખદ આશ્ચર્ય થયું. માનનીય ગુજરાત હાઈકોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ વિવિધ આદેશની આ અસર ગણી શકાય. હાઈકોર્ટની સતત ટકોરને પગલે કરદાતાના ક્રેડિટ લેજર અનબ્લોક થતાં અનેક કરદાતાઓ કાયદાકીય લડતમાં પાડવાથી બચી ગયા છે.''

''દેર આયે દુરુસ્ત આયે'' હાઈકોર્ટ દ્વારા અનેક કેસોમાં સખ્ત ટકોર કરવામાં આવી હોય સેંટરલ અને સ્ટેટ જી.એસ.ટી. દ્વારા કરદાતાને આ રાહત આપવામાં આવી છે જે ચોક્કસ આવકારદાયક બાબત ગણાય. હજુ કોઈ કરદાતાની ક્રેડિટ લેજર બ્લોક થયાને ૧ વર્ષ થઈ ગયું હોય તેવા કરદાતાએ અધિકારીનો સંપર્ક કરવો જોઈએ તેવું નિષ્ણાંતો માની રહ્યા છે.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**

# ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસના આ ન્યુ ઈન્ડિયામાં જી.એસ.ટી. રજીસ્ટ્રેશન મેળવવું નથી ઈઝી!!

**તા. ૧૬.૦૫.૨૦૨૨**

જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો મેળવવો છેલ્લા થોડા સમયથી ખૂબ મુશ્કેલ બની ગયો છે. ૦૧ જુલાઇ ૨૦૧૭ ના રોજ જ્યારે જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો ત્યારે જી.એસ.ટી.ની અનેક પ્રક્રિયાઓમાં ખામીઓ હતી. જી.એસ.ટી. પોર્ટલ ઉપરની વિવિધ ખામીઓના કારણે કરદાતાઓ તથા વધુ ટેક્સ પ્રોફેશનલ્સના દ્વારા આ અંગે ખૂબ રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો હતો. પરંતુ એ સમયે જો સૌથી વધુ વખાણ જો કોઈ પ્રક્રિયાના થતાં હતા તો તે હતા જી.એસ.ટી. હેઠળ નોંધણી મેળવવાની પ્રક્રિયાના!!! આજે જ્યારે જી.એસ.ટી. લાગુ થયાને ૫ પૂરા થવા આવવાના હોય ત્યારે પરિસ્થિતી સદંતર બદલાઈ ગઈ છે. જી.એસ.ટી. હેઠળ મોટા ભાગની પ્રક્રિયા સરળ બની ગઈ છે પરંતુ જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો મેળવવો ખૂબ મુશ્કેલ બની ગયો છે.

### શું છે આ પાછળનું કારણ?

૦૧ જુલાઇ ૨૦૧૭ થી જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી હજારો કરચોરીના નાના મોટા અનેક કૌભાંડ બહાર આવ્યા છે. આ કૌભાંડોમાં બિલિંગ કૌભાંડ સૌથી મોટો ભાગ ભજવે છે. માલનું વેચાણ કર્યા વગર બિલ આપવાની પ્રવૃતિ અથવા માલ વેચાણ કરવામાં આવ્યો હોય અને બિલ આપવામાં ના આવ્યું હોય આ પ્રકારની પ્રવૃતિના કારણે જી.એસ.ટી. ની આવકમાં ખાસ્સું એવું ગાબડું પડતું હોય છે. સર્ક્યુલર ટ્રાન્સેકશન (બોગસ વ્યવહારો) દ્વારા પણ જી.એસ.ટી. હેઠળ મોટી કરચોરી આદરવામાં આવતી હોય છે. જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા આવા વેપારીને ત્યાં તપાસ ધરી માસ મોટી ડિમાન્ડ (માંગણું) પણ ઊભી કરવામાં આવતી હોય છે. આ પ્રકારે છાશવારે બહાર પડતાં કૌભાંડોના કારણે કરચોરી અંગેની શંકા અને શક્યતા અંગે ધારણા કરી મોટાભાગના જી.એસ.ટી. હેઠળના નવા નોંધણી મેળવવાની અરજીને નકરવામાં આવતી હોય છે. જેમ જેમ આ પ્રકારે કૌભાંડ બહાર આવતાં ગયા તેમ તેમ જી.એસ.ટી. હેઠળ નિયમોમાં વિવિધ ફેરફારો કરવામાં આવ્યા છે. જી.એસ.ટી. હેઠળ ક્રેડિટ મેળવવા તથા નોંધણી દાખલો મેળવવા અંગેના નિયમો ખૂબ વધુ કડક અને મુશ્કેલ બનાવી નાંખવામાં આવ્યા છે.




### જી.એસ.ટી. ડિપાર્ટમેંટની છે પોતાની તકલીફ:

વારંવાર બહાર આવતા આ જી.એસ.ટી. બોગસ બિલિંગ કૌભાંડના કારણે જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દરેક કરદાતાને શંકાની નજરે જોઈ રહ્યું છે. સેંટરલ જી.એસ.ટી. તથા મોટાભાગના રાજ્ય જી.એસ.ટી. ખાતા દ્વારા પોતાના અધિકારીઓને ખાતાકીય પરિપત્ર દ્વારા નવા નોંધણી દાખલા આપવામાં ખૂબ સાવચેતી રાખવા જણાવવામાં આવ્યું છે તેવી માહિતી સૂત્રો પાસેથી મળી રહી છે. ગુજરાત રાજ્ય જી.એસ.ટી.ની વાત કરવામાં આવે તો થોડા સમય પહેલા ભાવનગર અને આસપાસના વિસ્તારમાંથી પકડવામાં આવેલ મોટા બોગસ બિલિંગ કૌભાંડના કારણે નવા નોંધણી દાખલા આપવામાં અધિકારીઓને ખૂબ કડક માર્ગદર્શિકાઓ આપવામાં આવી છે. વિશ્વસનીય સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અધિકારીઓને એવું પણ જણાવવામાં આવે છે કે જે તે નવા જી.એસ.ટી. નંબર આપવામાં જો કોઈ કરદાતા (વેપારી) બોગસ બિલિંગ કરતો ઝડપાશે તો તે અંગે જે તે અધિકારીની અંગત જવાબદારી રહેશે. આ કારણે અધિકારીઓ જી.એસ.ટી. નંબર આપવામાં ખૂબ વધુ સાવચેતી રાખી રહ્યા છે. દૂધનો દાઝેલો જેમ છાસ પણ ફૂંકીને પીવે તેવી રીતે બોગસ બિલિંગ થી ત્રસ્ત જી.એસ.ટી. ડિપાર્ટમેંટ ખૂબ ચાળી ચાળીને નવા નોંધણી દાખલા (રજીસ્ટ્રેશન) આપી રહ્યું છે.

### પ્રમાણિક કરદાતા થઈ રહ્યા છે પરેશાન:

જી.એસ.ટી. ડિપાર્ટમેંટના આ વલણના કારણે મોટા પ્રમાણમાં પ્રમાણિક કરદાતાઓ પરેશાન થઈ રહ્યા છે. જી.એસ.ટી. નંબર મેળવવાની અરજી એક થી વધુ વાર કરી હોવા છતાં દરેક વખતે અલગ અલગ કારણોસર નોંધણી દાખલો મેળવવાની અરજી રદ્દ કરી હોવાના અનેક દાખલા સામે આવી રહ્યા છે. કોઈ વેપારી મરજિયાત રીતે જી.એસ.ટી. નંબર મેળવવા અરજી કરે ત્યારે જી.એસ.ટી.ની આવકમાં વધારો થઈ તે સામાન્ય બાબત છે. પરંતુ આ પ્રકારે મરજિયાત રીતે નોંધણી નંબર મેળવતા દરેક વેપારી બોગસ હોવાની પ્રાથમિક માન્યતાથી પીડાતા જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા ખૂબ મોટા પ્રમાણમા અરજીઓ રદ્દ કરવામાં આવે છે. હદ્દ તો ત્યારે થઇ જાય છે જ્યારે કોઈ વેપારી કંપોઝીશન હેઠળ પરવાનગી સાથે નવા નોંધણી દાખલા માટે અરજી કરે ત્યારે પણ અનેક કિસ્સામાં આ અરજી રદ્દ કરવામાં આવી છે તેવા કિસ્સા સામે આવી રહ્યા છે. આ તકે એ જાણવું વાંચકો માટે જરૂરી છે કે જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન હેઠળ નોંધણી દાખલો મેળવે તે વેપારી કોઈ પણ રીતે બોગસ બિલિંગ કરી કોઈ ફાયદો મેળવી શકે નહીં. આ તો એવા વેપારી છે જેઓ ફૂલ નહીં તો ફૂલની પાંખડી સરકારને જી.એસ.ટી. સ્વરૂપે જમા કરાવશે. ટેક્સ પ્રોફેશનલ્સના મનમાં એ પ્રશ્ન સતત થઇ રહ્યો છે કે બોગસ બિલિંગ દ્વારા કરચોરી આચરી સરકારી તિજોરીને નુકસાન આપનાર કરદાતાની ઉપર આકરી કાર્યવાહી કરવામાં આવી રહી હોય ત્યારે આ રીતે કંપોઝીશન હેઠળના કરદાતાઓને પણ નોંધણી દાખલો ના આપીને સરકારી તિજોરીને જે નુકસાન જઇ રહ્યું છે તેનું શું??

### જી.એસ.ટી. વધારવા સરકારના પ્રયાસો:

એક તરફ વેરો વધારવા ઝુંબેશ અને બીજી તરફ નવા કરદાતાઓને નોંધણી દાખલો ના આપી વેરો ઘટાડવા આડકતરી રીતે પ્રયાસો થઇ રહ્યા હોય તેવું જમિની સ્તરે લાગી રહ્યું છે. છેલ્લા ઘણા મહિનાઓથી જી.એસ.ટી. ના આંકડાઓ નવા કીર્તિમાન કરી રહ્યા છે એ બાબત ચોક્કસ છે પરંતુ જો વ્યાવહારિક ચકાસણી કરી જી.એસ.ટી. યોગ્ય કરદાતાઓને જી.એસ.ટી. નંબર સમયસર ફાળવવામાં આવે તો જી.એસ.ટી. ની આવકમાં હજુ વધારો થઇ શકે છે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે.

### શું આ નથી ધંધો કરવાના અધિકાર પર તરાપ??

ભારતીય બંધારણના અનુચ્છેદ 19(1)(g) હેઠળ ભારતના દરેક નાગરિકને સમગ્ર દેશમાં કાયદેસરનો ધંધો કરવાનો મૂળભૂત અધિકાર છે. જી.એસ.ટી. કાયદા હેઠળની જોગવાઈઓને આધીન વ્યકિત જી.એસ.ટી. નંબર મેળવવા જવાબદાર તથા હક્કદાર પણ છે. હાલની જી.એસ.ટી. ડિપાર્ટમેંટની નીતિ એ વ્યકિતના ધંધો કરવા અંગેના બંધારણીય અધિકાર ઉપર તરાપ નથી??? આ પ્રશ્ન કાયદાવીદો માટે ચર્ચાનો વિષય બની રહ્યો છે.

કરચોરી ડામવી છે જરૂરી પણ સામે ધંધાને ડામવામાં ના આવે તે બાબત પણ ધ્યાને રાખવી છે જરૂરી!!

માનનીય પ્રધાનમંત્રી દ્વારા ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ, 'મેઈક ઈન ઈન્ડિયા' જેવા અનેક પગલાઓ ધંધા-રોજગારના હિત માટે ઉઠાવવામાં આવ્યા છે. આ તમામ પગલાંઓને હાલની જી.એસ.ટી. ડિપાર્ટમેંટની નીતિ વિપરીત પરિણામ આપી રહી છે. કરચોરી કે કરચોરોને સમર્થન આપવાનો ઉદેશ ક્યારેય આ લેખનો કે લેખકનો ના હોય શકે. માત્ર, આ પ્રકારની નીતિથી પ્રમાણિક ધંધાદારીઓ જે મુશ્કેલી ભોગવી રહ્યા છે તે ઉજાગર કરવાનો આ એક પ્રયાસ છે. છેલ્લે લેખનું સમાપન ફરી એ ઉક્તિ દ્વારા જ કરીશ કે કરચોરી ડામવી ચોક્કસ જરૂરી છે પરંતુ આ કરચોરી ડામવાના આ પ્રયાસમાં ધંધાને-રોજગારને ડામવામાં ના આવે તેની તકેદારી રાખવી વધુ જરૂરી છે

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબમાંની વ્યાપારભૂમિ પૂર્તિમાં ૧૬ મે ૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# આ વ્યવહારો કરો તો PAN દર્શાવવો છે ફરજિયાત!!

## કરંટ એકાઉન્ટ-કેશ ક્રેડિટ એકાઉન્ટન્ટ ખોલવા માટે PAN હોવો ફરજિયાત




તા. ૧૧.૦૫.૨૦૨૨: ઈન્કમ ટેક્સ હેઠળ મહત્વનો સુધારો ૧૦ મે ૨૦૨૨ ના રોજ બહાર પાડવામાં આવ્યો છે. આ સુધારા મુજબ હવે ૨૦ લાખ કે તેથી વધુ રકમ રોકડમાં કોઈ વ્યક્તિ પોતાના કોઈ પણ ખાતામાં નાણાકીય વર્ષ દરમ્યાન જમા કરાવે તો તેઓએ આ વ્યવહારમાં PAN દર્શાવવો ફરજિયાત બનશે. આવી જ રીતે જ્યારે કોઈ વ્યક્તિ ૨૦ લાખ કે તેથી વધુ રકમ રોકડમાં પોતાના કોઈ પણ ખાતામાંથી ઉપાડ કરે તેવા સંજોગોમાં પણ PAN દર્શાવવો ફરજિયાત બનશે. આ ઉપરાંત સહકારી બેન્ક સહિતની કોઈ પણ બેન્કમાં કરંટ ખાતું અથવા તો કેશ ક્રેડિટ (CC) ખાતું ખોલવામાં પણ PAN ફરજિયાત જોઈશે. આ વ્યવહારો કરવાના હોય તેવા વ્યક્તિએ આ વ્યવહાર કરવાના ૭ દિવસ પહેલા PAN કાર્ડ મેળવવાની અરજી કરવાની રહેશે. આમ, હવે PAN વગર કરંટ ખાતું કે કેશ ક્રેડિટ ખાતું ખોલવવું શક્ય બનશે નહીં. આ ઉપરાંત કોઈ પણ વ્યક્તિ પોતાના બેન્ક ખાતામાં ૨૦ લાખ કે તેથી વધુ રકમ જમા કરાવે કે ઉપાડ કરે તો PAN વગર આ વ્યવહારો કરી શકશે નહીં.

**ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે**

# જીએસટીએન પોર્ટલ પર વેરાશાખ માટે જીએસટીઆર 2B ખોરંભે પડ્યું...




તા. ૧૬.૦૫.૨૦૨૨: એપ્રિલ માસના જીએસટી રિટર્ન ભરવાનો સમય આવેલ છે ત્યારે જીએસટીએન પોર્ટલ પર વેપારીએ જીએસટીઆર ૨(બી) ઓનલાઇન મેચ કરીને વેરો ભરવાનું છે પરંતુ ઓનલાઇન મેચ કરવાના બે દિવસ વીતી ગયા પછી પણ અમુક કેસોમાં ઓનલાઇન જીએસટીઆર ૨(બી)માં ટેકનિકલ ખામીને કારણે મેચ થતું નથી ત્યારે જીએસટીએન પોર્ટલ પર જીએસટીઆર ૨(એ) મુજબ ક્રેડિટ લેવા માટે પ્રેસ રિલિજ મૂકવામાં આવેલ છે અને જલ્દીથી જીએસટીઆર ૨(બી)ની ખામી જલ્દી દૂર કરવામાં આવશે તેવું જણાવેલ છે.

હાલમાં વેપારી આલમને જો એપ્રિલ માસ માટે જીએસટીઆર ૨(બી) ન દેખાય તો જીએસટીઆર ૨(એ) મુજબ ક્રેડિટ લઈ રિટર્ન ભરવાનું છે.

વારંવાર સમયાંતરે પોર્ટલની ખામીને કારણે વેપારી આલમ અને ટેક્સ વ્યવસાયીઓને અસમંજસની પરિસ્થિતીનુ નિર્માણ થાય છે.

**અમિત સોની (ટેક્સ એડવોકેટ)**

# 'તૌકતે' વાવાઝોડાનું એક વર્ષ.....

**(અનુસંધાન પાના ૪થી શરૂ)**

રોનકનો અભાવ છે. Covid-19નો માર બે વર્ષ સુધી ઝીલ્યા બાદ 'તૌકતે' એ ''પડ્યા પર પાટુ'' માર્યું હોય તેવી હાલત વેપાર જગતની થઈ છે. રોજગારએ વેપાર સાથે સીધી રીતે જોડાયેલ બાબત છે. વેપારમાં આવેલી મંદીના કારણે રોજગાર ઉપર પણ નકારાત્મક અસર પડી હોવાના અહેવાલો છે.

**પ્રવાસન ક્ષેત્ર**

ઉનાની પાસે દિવ નામનું જગવિખ્યાત પ્રવાસન સ્થળ આવેલું છે. આ કારણે પ્રવાસન પર સીધી કે આડકતરી રીતે નભતા ધંધાઓનો વિકાસ પણ થયો હતો. 'તૌકતે'ના કારણે અન્ય તમામ ક્ષેત્રો સાથે આ ક્ષેત્રમાં પણ નુકસાન તો થયું જ હતું. આ ક્ષેત્રે ખાસ નુકસાન એ આ વ્યવસાય સાથે જોડાયેલ વ્યવસાયીઓના માલ-મિલ્કતને થયું હતું. મોટાભાગે વીમા કવચ હોય આ નુકસાનને ભરપાઈ કરવું વધુ મુશ્કેલ નહતું. Covid-19નો ડર તથા વ્યાપ ઓછો થતાં પ્રવાસન ક્ષેત્રે ફરી રોનક આવી રહી હોય તેવું જમીનીસ્તરે લાગી રહ્યું છે. 'તૌકતે'ની અસરને દૂર છોડી આ ઉદ્યોગ ફરી પોતાનો અસલ વેગ પકડી રહ્યો છે.



**જમીન-મકાન-મિલ્કતની લેવડદેવડ ચડી ખોરંભે**

ઉના પંથકમાં વિશેષ કોઈ મોટા ઉદ્યોગ ના હોવા છતાં અહીના જમીન-મકાન-મિલ્કતના ભાવો પ્રમાણમા સારા કહી શકાય. જમીન, મકાન, મિલ્કતનું ખરીદ વેચાણનો દર પણ વિસ્તારની દ્રસ્તીએ ખૂબ સારો થતો હતો. 'તૌકતે' બાદ પરિસ્થિતીમાં બદલાવ આવ્યો છે. જમીન, મકાન, મિલ્કતના ખરીદ-વેચાણમાં ઘટાડો થયો હોય તેવું જણાય રહ્યું છે. આ અંગે સૌથી મોટું કારણ એ ગણી શકાય કે મધ્યમ તથા શ્રીમંત ખેડૂતોને જે 'તૌકતે'ના કારણે નુકસાન થયું તેના કારણે બજારમાં ખરીદનાર તરીકે ગણાય તેવો મોટો વર્ગ હાલ આ બજારથી દૂર છે. સૌદાઓ ઘટ્યા છે, ભાવ પ્રમાણમા થોડા સ્થિર થયા છે અને ઘણા સૌદાઓમાં 'તૌકતે' બાદ ખરીદનાર દ્વારા પીછેહઠ થયા હોવાના પણ દાખલા જોવા મળી રહ્યા છે.

**કુદરતી વિનાશ બાદ લોકોની જિંદાદિલીને સલામ!!**

કુદરતની વિરાટતા સામે માનવ સહજ રીતે વામન છે. આ વાત 'તૌકતે' એ ફરી સાબિત કરી આપી. કુદરતની હોનારતને માનવ માત્ર મૂક શાક્ષી બની તેને નિહાળી શકે. કુદરત સામે ઝીક ઝીલવાની માનવીની શક્તિ ઘણી મર્યાદિત છે. પણ હા, આ ગોઝારી ઘટના બાદ પણ આજે એક વર્ષ બાદ લોકો જિંદાદિલીથી જીવન જીવી રહ્યા છે. ''બીત ગઈ સો બાત ગઈ''ની સાર્થકતા સમજી 'તૌકતે'ની તકલીફો-મુશ્કેલીઓને ભૂલી આજે એક વર્ષ પાછી પુનઃધબકતું જીવન જીવી રહેલા લોકોની જિંદાદિલીને સલામ!!

# GST કાયદા અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ વાર્ષિક ટર્નઓવર અપડેટ માટેની સમજ

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ નેટવર્ક (GSTN) એ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વાર્ષિક એકંદર ટર્નઓવર (AATO)ની કાર્યક્ષમતાને કરદાતાઓના ડેશબોર્ડ્સ પર સક્ષમ કરી છે. કરદાતાઓ હવે પાછલા નાણાકીય વર્ષ માટે ચોક્કસ વાર્ષિક કુલ ટર્નઓવર (AATO) ચકાસી શકે છે.



GSTNની તાજેતરની સલાહ મુજબ, કરદાતાઓ આજ સુધી ફાઇલ કરેલા રિટર્નના આધારે વર્તમાન નાણાકીય વર્ષનું કુલ ટર્નઓવર પણ જોઈ શકે છે. કરદાતાઓને તેમના ટર્નઓવરને અપડેટ કરવાનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. જે વેપારી માનતા હોય કે તેમના ડેશબોર્ડ પર રજૂ કરાયેલ સિસ્ટમ અંદાજિત ટર્નઓવર તેમના રેકોર્ડ પરના ટર્નઓવરથી અલગ છે તો અપડેટ કરી લેવું જોઈએ.

એકજ PAN પર નોંધાયેલા તમામ GSTINને ટર્નઓવર અપડેટની સુવિધા પૂરી પાડવામાં આવશે. કોઈપણ GSTIN દ્વારા તેમના ટર્નઓવરમાં થયેલા તમામ ફેરફારોનો દરેક GSTIN માટે વાર્ષિક એકંદર ટર્નઓવરની ગણતરી માટે સારાંશ આપવામાં આવશે. એક જ PAN હેઠળ નોંધાયેલા તમામ GSTIN તેમના ટર્નઓવરને અપડેટ કરી શકશે. કોઈપણ GSTIN દ્વારા ટર્નઓવરમાં તમામ ફેરફારો દરેક GSTIN માટે વાર્ષિક એકંદર ટર્નઓવરની ગણતરી કરવાના હેતુથી એકસાથે કરવામાં આવશે.

કરદાતા પાસે ૩૧મીમે સુધી ૨૦૨૨ ટર્નઓવરમાં બે વાર ફેરફાર કરવાનો વિકલ્પ છે. તે પછી, ડેટા ન્યાયક્ષેત્રના કર અધિકારીને પરીક્ષા માટે આપવામાં આવશે, જેઓ જરૂરીયાત મુજબ કરદાતા દ્વારા પ્રદાન કરવામાં આવેલ મૂલ્યોમાં ફેરફાર કરી શકશે.

**અમિત સોની (ટેક્ષ એડવોકેટ)**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

# સુપ્રીમ કોર્ટનો કરદાતાઓને મોટો ઝટકો!! ૯,૦૦૦થી વધુ નોટિસોને અમાન્ય ઠેરવતા વિવિધ હાઈકોર્ટના આદેશમાં કરવામાં આવ્યો ખૂબ મહત્વપૂર્ણ સુધારો

## સુપ્રીમ કોર્ટના આ આદેશથી ૯૦,૦૦૦/- કરદાતા થશે પ્રભાવિત. કરચોરીની સભાવના ધ્યાને લઈ સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા પ્રેક્ટિકલ નિર્ણય!!

**તા. ૧૦.૦૫.૨૦૨૨**

માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા ૦૪ મે ૨૦૨૨ના રોજ એક મહત્વનો ચુકાદો આપી, દેશભરની ૯૦,૦૦૦ જેટલા કરદાતાઓને આપવામાં આવેલ ઈન્કમટેક્સની નોટિસ અમાન્ય ઠરાવતા બચાવી લેવાઈ છે. ઉલ્લેખનીય છે કે ૦૧ એપ્રિલ ૨૦૨૧ થી ઈન્કમ ટેક્સ હેઠળ ફેર આકારણી કરવાની સમયમર્યાદા તથા પદ્ધતિમાં અમુલ પરીવર્તન આવ્યું છે. આ નવી પદ્ધતિ મુજબ ઈન્કમ ટેક્સ અધિકારી દ્વારા આપવામાં આવેલ નોટિસ યોગ્ય નથી તે અંગે અનેક રિટ પિટિશન વિવિધ હાઈકોર્ટમાં કરદાતાઓ દ્વારા કરવામાં આવી હતી. માનનીય અલ્હાબાદ હાઈકોર્ટ, ગુજરાત હાઈકોર્ટ, મુંબઈ હાઈકોર્ટ, દિલ્હી હાઈકોર્ટ, કલકત્તા હાઈકોર્ટ, મદ્રાસ હાઈકોર્ટ દ્વારા કરદાતાની તરફેણમાં આદેશ પસાર કરવામાં આવેલ હતા. આ આદેશમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે નવી પદ્ધતિ મુજબ ૦૧ એપ્રિલ ૨૦૨૧ અને ત્યારબાદ નવી જોગવાઈઓનું પાલન આ નોટિસોમાં કરવામાં ના આવેલ હોય, આ નોટિસો યોગ્ય ગણી શકાય નહીં. કોઈ પરિપત્ર કે સર્ક્યુલર કાયદાની મૂળભૂત જોગવાઈથી ઉપરવટ જઇ શકે નહીં. આ કારણે ઈજ્ઞદશમ ૧૯ ના કારણે જૂની પદ્ધતિ મુજબ અધિકારી દ્વારા નોટિસ આપવાનો પરિપત્ર યોગ્ય નથી તેમ ઠરાવવામાં આવ્યું હતું. આ સામે અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા માનનીય સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ M. R. Shah તથા જસ્ટિસ B. V. Nagarathana દ્વારા આ અપીલ ઉપર ચુકાદો આપવામાં આવ્યો છે. આ અપીલ સાથે સુપ્રીમ કોર્ટ દ્વારા આ વિષય ઉપર વિવિધ હાઈકોર્ટના ચુકાદાને પણ સાથે સાંકળી લેવામાં આવ્યો છે.

### સુપ્રીમ કોર્ટના આદેશના મહત્વના મુદ્દા:

- વિવિધ હાઈકોર્ટ દ્વારા આ નોટિસના મુદ્દે લગભગ એક સમાન આદેશ કરવામાં આવ્યો છે.
- હાઈકોર્ટ દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટની નોટિસ કાયદા બહારની ગણી આ નોટિસોને અવૈધ ઠરાવવામાં આવી છે.
- સુપ્રીમ કોર્ટ સામે હાલ અલહાબાદ હાઈકોર્ટના ચુકાદા બાબતે જ અપીલ થયેલ છે પરંતુ વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ એન. વેંકટરમણ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સરકાર દ્વારા અન્ય હાઈકોર્ટના આદેશને પણ પડકારવાની તૈયારીઓ કરી રહ્યા છે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા આ આદેશમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તેઓનો આ આદેશ આ વિષય ઉપરની તમામ રિટ પિટિશનને લાગુ પડશે.
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ (રેવન્યુ) દ્વારા ૯૦૦૦ જેવી રિટ પિટિશન સામે અલગ અલગ અપીલ ફાઈલ કરવાની જરૂર નથી. આમ, Old Vs New ના મુદ્દા ઉપર કોઈ પણ હાઈકોર્ટમાં થયેલ રિટ પિટિશનમાં કરદાતાની જીત થઈ હોય અને રેવન્યુ દ્વારા જે તે આદેશને પડકારવામાં નહીં આવે તો પણ સર્વોચ્ચ ન્યાયાલયનો આ આદેશ તમામ નોટિસો ઉપર લાગુ પડશે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા આ આદેશમાં 'ફાઈનન્સ બિલ ૨૦૨૧' દ્વારા સુધારવામાં આવેલ ફેર આકારણીની જોગવાઈનો ખૂબ બારીકાઈથી અર્થઘટન કરવામાં આવ્યો છે.



- આ ઉપરાંત સુપ્રીમ કોર્ટ દ્વારા 'રીલક્સેશન એક્ટ ૨૦૦૦'ની કલમ ૩ નો પણ બારીકાઈથી અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ કાયદા હેઠળ જૂની પદ્ધતિ મુજબ કરદાતાની ફેર આકારણી માટેની નોટિસ ઈસ્યું કરવાની તારીખમાં ૩૦ જૂન ૨૦૨૧ સુધીનો વધારો કરવામાં આવ્યો હતો.
- ૦૧ એપ્રિલ ૨૦૨૧ થી ફેર આકારણી અંગેની નવી જોગવાઈઓ લાગુ થઈ ગઈ હોવા છતાં 'રિલેક્સેશન એક્ટ ૨૦૨૦'ની કલમ ૩ હેઠળ બહાર પાડવામાં આવેલ નોટિફિકેશન મુજબ અંદાજે ૯૦૦૦૦ (નેવું હજાર) જેવી નોટિસો ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા કરદાતાઓને જૂની પદ્ધતિ મુજબ ૦૧ એપ્રિલથી ૩૦ જૂન ૨૦૨૧ વચ્ચે પાઠવવામાં આવી હતી. આ પૈકી ૯૦૦૦ જેવી નોટિસો હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. આ તમામ નોટિસોમાં મહદઅંશે વિવિધ હાઈકોર્ટ દ્વારા કરદાતાની તરફેણમાં આદેશ કરવામાં આવ્યો છે.
- જૂની ફેર આકારણી દરમ્યાન થતાં લીટીગેશનને નિવારવા અને આ પદ્ધતિમાં સરળતા આવે તે હેતુથી ફેર આકારણીની જોગવાઈ ૦૧ એપ્રિલ ૨૦૨૧ થી દાખલ કરવામાં આવી છે.
- કર સંચાલન સરળ તથા વધુ જવાબદાર બનાવવા આ મહત્વનો ફેરફાર લાવવામાં આવ્યો છે તેવું કહી શકાય.
- અગાઉ ફેર આકારણીની નોટિસ બજાવ્યા બાદ કરદાતાને ફેર આકારણીની જાણ કરવામાં આવતી હતી. જ્યારે આ નવી પદ્ધતિમાં કરદાતાને ફેર આકારણી નોટિસ આપ્યા પહેલા અધિકારીએ યોગ્ય તપાસ કરી કરદાતાને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવાની રહે છે.
- આ સમગ્ર નવી ફેર આકારણી પ્રક્રિયાનો હેતુ કરદાતાને રાહત આપવાનો હોય વિવિધ હાઈકોર્ટ દ્વારા આ બાબતે લોક ઉપયોગિતાને અને સુધારાના હેતુને ધ્યાને રાખી કરદાતાની તરફેણમાં આદેશ કરવામાં આવ્યા હતા. હાઈકોર્ટના આ આદેશ સાથે અમો (સુપ્રીમ કોર્ટ) સંપૂર્ણ પણે સહમત છીએ.
- પરંતુ અમુક કિસ્સાઓમાં સરકારી તિજોરીને મોટું નુકસાન જવાની સંભાવના રહેલી છે જેનાથી આ ટેકનિકલ ક્ષતિના કારણે આ ફેર આકારણીની જોગવાઈનો હેતુ જ માર્યો જવાની સંભાવના છે.
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટના અધિકારીઓ, જે તે રિલેક્શેશન નોટિફિકેશન અમલમાં હોવાથી એ માન્યતા ધરાવતા હોય તે સામાન્ય છે કે તેઓ વધારેલી સમય મર્યાદા દરમ્યાન તેઓ જૂની પદ્ધતિ મુજબ નોટિસ ઈસ્યું કરી શકે છે.
- હાઈકોર્ટ દ્વારા આ બાબત સમજી અધિકારીઓને નવી પદ્ધતિ મુજબ અનુસરી ફેરફાર કરવા આદેશ કરવાની જરૂર હતી.
- સુપ્રીમ કોર્ટ દ્વારા હાઈકોર્ટના આ આદેશોમાં નીચે મુજબનો સુધારો કરી રહી છે:
  - કરદાતાઓને ૦૧.૦૪.૨૦૨૧ બાદ આપવામાં આવેલ કલમ ૧૪૮ હેઠળની નોટિસ એ 148A હેઠળ આપવામાં આવેલ નોટિસ માની લેવામાં આવશે.
  - અધિકારી દ્વારા સુપ્રીમ કોર્ટના આ આદેશના ૩૦ દિવસની અંદર ફેર આકારણી અંગે તેઓ પાસેની વિગતો કરદાતાને આપવાની રહેશે.
  - અધિકારીએ તપાસ કરવાની જોગવાઈ આ એક વખત પૂરતી જતી કરવામાં આવશે.
  - કરદાતાએ તેઓને મળેલ નોટિસનો બે અઠવાડીયામાં જવાબ આપવાનો રહેશે.
  - કરદાતા પાસેથી મળેલી માહિતી પરથી આકારણી અધિકારી દ્વારા ઈન્કમ ટેક્સ કાયદાની સુધારેલી કલમ 148A(d) હેઠળ આદેશ કરવાનો રહેશે.
  - આ સિવાય કરદાતા પાસે સમયમર્યાદા અંગેનો બચાવ તથા આકારણી અધિકારીઓના અન્ય હક્ક અબાધિત રહેશે.
  - વિવિધ હાઈકોર્ટ સમક્ષ કરવામાં આવેલ રીટ પિટિશનના કરદાતા તરફેણના આદેશમાં આ સુધારો થયેલ ગણાશે, પછી ભલે જે તે કેસ સામે ડિપાર્ટમેંટ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવેલ ના હોય.
  - આ આદેશ પસાર કરવા સમયે એ બાબત પણ નોંધવી જોઈએ કે સરકાર વતી ઉપસ્થિત એડિશનલ સોલિસિટર જનરલ (ASG- સરકારી વકીલ) તથા કરદાતા વતી ઉપસ્થિત સિનિયર વકીલો આ બાબતે સહમત છે.
  - આ આદેશ સુપ્રીમ કોર્ટ દ્વારા આર્ટીકલ ૧૪૨ ની સત્તા વાપરીને કરવામાં આવેલ છે અને સમગ્ર દેશની તમામ હાઈકોર્ટના આદેશને ઉપરવટ ગણાશે અને સમગ્ર ભારતમાં લાગુ ગણાશે.

સુપ્રીમ કોર્ટના આ આદેશથી ૯૦૦૦૦ જેટલા કરદાતાઓ તથા ૯૦૦૦ જેટલા કરદાતાઓ કે જેઓએ વિવિધ હાઈકોર્ટમાં રિટ ફાઈલ કરી તેમાં સફળતા મેળવી હતી તે હવે ઉપયોગી બનશે નહીં. અધિકારી દ્વારા ફરી આપવામાં આવતી નોટિસનો યોગ્ય વિગતો સાથે કરદાતા દ્વારા સમયસર પ્રતિઉત્તર આપવામાં આવે તે ખૂબ જરૂરી છે. અધિકારીઓ દ્વારા પણ બ્લેનકેટ રીઓપેનિંગ કરી કરદાતાઓને પરેશાન ના કરતાં કરદાતાઓની વિગતો ધ્યાને લઈ વિગતવાર આદેશ પસાર કરવામાં આવે તે જરૂરી છે.

# જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન કરદાતા થયા પરેશાન!! GSTN ફરી તેના છબરડા માટે બની કરદાતાઓના રોષનો શિકાર!!

**તા. ૦૨.૦૫.૨૦૨૨**

જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન કરદાતાઓને નાના કરદાતા ગણવામાં આવતા હોય છે. કોઈ નાના ઉત્પાદક કે વેપારી જેઓનું ટર્નઓવર ૧.૫ કરોડથી નીચે હોય અથવા તો સેવા પૂરી પાડતા એવા કરદાતા કે જેઓનું ટર્નઓવર ૫૦ લાખ કે તેથી ઓછું હોય તેઓ જ આ કંપોઝીશન સ્કીમનો લાભ લઈ શકે છે. સામાન્ય રીતે એવું માનવમાં આવે છે કે, કંપોઝીશનના વેપારીઓને જી.એસ.ટી. ડિપાર્ટમેંટ કે GSTNની કનડગત હોતી નથી. પરંતુ આ બાબતને GSTN દ્વારા ખોટી ઠરાવવામાં આવી છે. કંપોઝીશનની પરવાનગી ધરાવતા ઘણા નાના કરદાતાઓના કેશ લેજરમાં ૨૫ એપ્રિલ ૨૦૨૨ ના રોજ એક સુઓ મોટો ડેબિટ એન્ટ્રી પાડવામાં આવી છે. કોઈ પણ જાતની જાહેરાત વગર કે કરદાતાને જાણ કર્યા વગર શાંતિથી પાડવામાં આવેલ ડેબિટ એન્ટ્રી એ ઘણા કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સની શાંતિ હણી લીધી છે તેવી માહિતી મળી રહી છે.

### શું છે આ મુશ્કેલી?

કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતાઓ ત્રિમાસિક ધોરણે CMP-08 નામનું ફોર્મ કમ ચલણ ભરવા જવાબદાર હોય છે. આ ચાર CMP 08 ઉપરાંત વાર્ષિક ધોરણે ખરીદી સહિતની વિગતો દર્શાવી GSTR 4માં વાર્ષિક રિટર્ન ભરવા જવાબદાર થતાં હોય છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ના વર્ષમાં આ GSTR 4 ભરવામાં ઘણા કરદાતાઓએ ટેકનિકલ ભૂલો કરેલ છે. આ ભૂલોના કારણે જે તે વર્ષોમાં તેઓની ટેક્સની જવાબદારી નકારાત્મક એટલેકે નેગેટિવ દર્શાવવામાં આવી રહી હતી. આ કારણે આવા કરદાતા દ્વારા જ્યારે ત્યાર બાદના વર્ષના CMP 08માં રિટર્ન ભરવામાં આવતા હતા તે રિટર્નમાં તેઓની જવાબદારી કેશ લેજરમાંથી ઓછી થવાના બદલે શરતચૂકથી બનેલા નેગેટિવ લાયાબિલિટી લેજરમાંથી ઊડતી હતી. આ કારણે કરદાતાના કેશ લેજરમાં તેઓ દ્વારા ભરવામાં આવેલ રકમ CMP 08ની રકમ ભરવામાં આવી હોવા છતાં બાદ થતી ના હતી. આ ક્ષતિને દૂર કરવા ઘણા કરદાતાઓએ DRC 03 ફોર્મ દ્વારા આ શરતચૂકથી ઊભી રહેલ રકમને સેટ ઓફ કરી આપવામાં આવી હતી. આ અંગે વિદ્વાન GSTN દ્વારા એક એડવાઈઝરી પણ બહાર પાડવામાં આવી હતી. આ એડવાઈઝરી મુજબ તેઓ દ્વારા કરદાતાને આ પ્રકારે શરતચૂક થઈ હોય તેવા સંજોગોમાં GST પોર્ટલ ઉપર ફરિયાદ (ગ્રીવન્સ) કરવા જણાવવામાં આવ્યું હતું. ઘણા કરદાતાઓએ આ એડવાઈઝરી અનુસરીને ગ્રીવન્સ કરવામાં આવી હતી. આ ગ્રીવન્સને ધ્યાને લઈ એડવાઈઝરી મુજબ GSTN દ્વારા કેશ લેજર માં ખોટી રીતે દર્શાવવામાં આવતી રકમને ડેબિટ કરી આપવામાં આવી હતી. DRC 03 વડે કે પોર્ટલ ઉપર ગ્રીવન્સ (ફરિયાદ) કરી જે કરદાતાઓએ કેશ લેજરમાં સ્વ મેળે ડેબિટ એન્ટ્રી કરી કે કરવી હતી તેઓને સ્વપ્ને પણ ખ્યાલ નહીં હોય કે GSTN ફરી એ જ રકમ તેઓના કેશ લેજર માંથી ઉડાડી દેશે!!

### DRC 03 કરવું હતું ભૂલ ભરેલું?

મારા દ્વારા અગાઉ પણ આ અંગે અભિપ્રાય આપવામાં આવ્યો હતો અને હજુ એ અભિપ્રાય ઉપર કાયમ છું કે કરદાતા દ્વારા કરવામાં આવેલ DRC 03 એ યોગ્ય વિકલ્પ હતો. આ પ્રમાણે GSTN 'ડેબિટ એન્ટ્રી મારી શકે તે અંગે વિચાર કરવો એ તો એ સમયે તો શક્ય જ ના હતો. આ ઉપરાંત એક અલગ રીતે આ મુદ્દાને મૂલવીએ તો જો આ ભૂલના કિસ્સામાં કેશ લેજર માં પડી રહેલી રકમ ઉપર GSTN Suo Motto વ્યાજ લાગુ કરી તેની ડેબિટ એન્ટ્રી કરી આપે તો??? જેવી રીતે હાલ GSTN દ્વારા DRC 03 કે ગ્રીવન્સ દ્વારા સેટ ઓફ કરેલ રકમની ફરી ડેબિટ એન્ટ્રી મારી છે તેવી રીતે શું GSTN જે કરદાતાઓએ CMP 08માં ડેબિટના કરેલ કેશ લેજરની રકમ ઉપર વ્યાજ અંગે ડેબિટ એન્ટ્રી ના કરી શકે??? મારા અંગત મત મુજબ આ સુઓ મોટો કરવામાં આવેલ હાલની મૂળ રકમની ડેબિટ એન્ટ્રી કરતાં કેશ લેજરમાં ખોટી રીતે પડી રહેલ રકમ ઉપર વ્યાજની રકમની ડેબિટ એન્ટ્રીની શક્યતા અને કાયદેસરતા વધુ સારી ગણાય.

### ગ્રીવન્સ કરી કેશ લેજર ડેબિટ કરવી હોય તેવા કરદાતાઓની ડેબિટ એન્ટ્રી અંગે GSTN પાસે છે સંપૂર્ણ માહિતી!

DRC 03 એક એવું ફોર્મ છે જે GST હેઠળના તમામ રિટર્ન પછી તે GSTR 1 હોય, 3B હોય, CMP 08 હોય કે પછી GSTR 4 હોય, આ તમામથી સંપૂર્ણ પણે અલિપ્ત છે. કરદાતા દ્વારા કરવામાં આવેલ DRC 03 વિષેની માહિતી કદાચ સીધી રીતે GSTN પાસે ના હોય તે સમજી શકીએ પરંતુ, GSTN દ્વારા બહાર પાડવામાં આવેલ એડવાઈઝરી પ્રમાણે જેઓએ ગ્રીવન્સ દ્વારા આ રકમ સેટ ઓફ કરવી છે તેની માહિતી તો GSTN પોર્ટલ પાસે હોય તે સામાન્ય બાબત ગણાય. આ પ્રકારે ગ્રીવન્સ વાળા કેસોમાં પણ ઠંડા કળેજે GSTN દ્વારા સુઓ મોટો ડેબિટ એન્ટ્રી પાડવામાં આવેલ છે. આ બાબતે કરદાતાઓ ખાસ કરીને ટેક્સ પ્રોફેશનલ્સમાં ખૂબ રોષ વ્યાપી રહ્યો છે તેવી માહિતી મળી રહી છે.

### GSTR 4નો દંડ (સોરી લેઈટ ફી) લાગવાની ભીતિ!

કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતાઓ એ વાર્ષિક ધોરણે ૩૦ એપ્રિલ સુધીમાં GSTR 4 ભરવાનું રહેતું હોય છે. આ ફોર્મ મોડુ ભરવામાં આવે તો કરદાતાઓને ૨૦૦૦/- જેવી લેઈટ ફી ભરવાની જવાબદારી આવે છે. GSTN દ્વારા ૨૫ એપ્રિલના રોજ પાડવામાં આવેલ સુઓ મોટ્ટો ડેબિટ એન્ટ્રી એન્ટ્રીના કારણે કરદાતા પોતાનું GSTR 4 રિટર્ન સમયસર ભરી શકશે નહીં અને તેઓ મજબૂરીથી આ લેઈટ ફી ભરવા જવાબદાર બનશે.

### સમગ્ર દેશના વેપારીઓ/કરદાતાઓ થયા છે પ્રભાવિત:

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે કંપોઝીશન હેઠળ પરવાનગી ધરાવતા દેશભરના વેપારીઓ/કરદાતાઓ મોટા પ્રમાણમા આ મુશ્કેલી ભોગવી રહ્યા ના અહેવાલ મળી રહ્યા છે. કરદાતાઓ ખાસ કરીને ટેક્સ પ્રોફેશનલ્સ GSTNના ટ્વિટર હેન્ડલ ઉપર પોતાનો રોષ ઠાલવી રહ્યા છે. આ કોઈ એક કરદાતા, એક ટેક્સ પ્રોફેશનલ, એક ગામ, એક રાજ્યનો પ્રશ્ન નહીં પરંતુ દેશ ભરના વેપારીઓને હેરાન કરતો પ્રશ્ન છે.

### શું છે આ મુશ્કેલીનું સમાધાન??

હાલ આ મુશ્કેલીથી પીડાતા સૌ કોઈ કરદાતા કે ટેક્સ પ્રોફેશનલ્સના મનમાં એક જ સવાલ છે.. શું છે આ મુશ્કેલીનું સમાધાન. મારા અંગત મત પ્રમાણે આ મુશ્કેલી અંગે હાઈકોર્ટમાં રિટ પિટિશન થઈ શકે છે. કોઈ એક હાઈકોર્ટમાં આ પિટિશન થાય અને GSTNને આ કુદરતી ન્યાય વિરુદ્ધની કાર્યવાહી અંગે ઠપકો આપવામાં આવે અને GSTN આ સુઓ મોટ્ટો ડેબિટ એન્ટ્રી રિવર્સ કરી આપે તેમ થઈ શકે. આ ઉપરાંત આ બાબતે વિવિધ વેપારી એસોશીએશન તથા ટેક્સ પ્રોફેશનલ્સ એસોશીએશન દ્વારા સરકાર તથા અધિકારીઓ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતોના પગલે પણ આ સુઓ મોટ્ટો ડેબિટ એન્ટ્રી રિવર્સ થઈ શકે છે. કરદાતાઓ ઉપર આ સુઓ મોટ્ટો ડેબિટ એન્ટ્રી ની કાર્યવાહી કરતાં પહેલા કરદાતાને નોટિસ (કરદાતાનું નામ તથા GSTN સાથે) આપી તેઓને પોતે GSTR 4 ભરવામાં થયેલ ભૂલને સુધારવા DRC 03 કે ગ્રીવન્સ જેવા કોઈ પગલાં લીધા હોય તો તેની વિગતો આપવાની તક આપવી જોઈએ. કોઈ કરદાતા આ વિગતો ના આ અથવા તો વાર્ષિક રિટર્ન ભરવાની આ ભૂલ ઉપર તેઓએ કોઈ પગલાં ના લીધા હોય તેવા કિસ્સામાં જ આ સુઓ મોટ્ટો ડેબિટ એન્ટ્રી કરવામાં આવે તે જરૂરી છે. કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સ આશા સેવી રહ્યા છે કે GSTN દ્વારા આ મુસીબતનું સમાધાન જલ્દી કરવામાં આવે. આ ઉપરાંત GSTR 4ની મુદતમાં વધારો કરવો પણ આ સ્થિતિમાં જરૂરી છે. આ લેખ લખાઈ રહ્યો છે ત્યાં સુધી GSTR 4ની મુદત વધારવા અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

# ઈમ્પોર્ટન્ટ જજમેંટ વિથ ટેક્સ ટુડે

## અસ્પષ્ટ અને કારણ દર્શાવ્યા વગર આપવામાં આવતી નોટિસ તથા આદેશ બાબતે અધિકારીને સખ્ત તાકીદ કરતી ગુજરાત હાઈકોર્ટ

## વહાણવટી સ્ટીલ્સ વી. સ્ટેટ ઓફ ગુજરાત તથા સ્ટેટ ટેક્સ ઓફિસર



**સલગ્ન કાયદો:** ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ, ૨૦૧૭
**ચુકાદો આપનાર ફોરમ:** ગુજરાત હાઈકોર્ટ
**માનનીય જજ:** જે. બી. પારડીવાલા તથા નિશાબેન ઠાકોર
**કરદાતા વતી વકીલ:** મૌલિક નાણાવટી
**સરકાર વતી:** ઉત્કર્ષ શર્મા
**ચુકાદા તારીખ:** ૧૧.૦૪.૨૦૨૨

### કેસની હકીકતો:

- કરદાતાને અધિકારી દ્વારા ૨૮.૦૨.૨૦૨૨ ના રોજ જી.એસ.ટી. નોંધણી દાખલો શા માટે રદ્દ ના કરી આપવામાં આવે તે અંગેની અસ્પષ્ટ (વેગ) શો કોઝ નોટિસ આપવામાં આવી હતી.
- કરદાતા દ્વારા અધિકારીને આ અસ્પષ્ટ નોટિસને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી.
- ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૨૪.૦૩.૨૦૨૨ ના આદેશ દ્વારા આ શો કોઝ નોટિસને રદ્દ ઠરાવવામાં આવી હતી.
- અધિકારી દ્વારા શો કોઝ નોટિસમાં જી.એસ.ટી. રદ્દ કરવા અંગેના યોગ્ય કારણોની નોંધ કરવામાં આવી ના હતી.
- આ શો કોઝ નોટિસ રદ્દ કરતાં આદેશમાં કોર્ટ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે અધિકારી જરૂરી જણાય ત્યાં નવી શો કોઝ નોટિસ આપી ફરી કાર્યવાહી શરૂ કરી શકે છે.
- ગુજરાત હાઈકોર્ટના આદેશના અનુસંધાને તેઓ દ્વારા નવી નોટિસ આપી કાર્યવાહી કરવી જરૂરી હતી. પરંતુ અધિકારી દ્વારા જૂની નોટિસ ઉપરથી કરદાતાનો જી.એસ.ટી. નંબર રદ્દ કરવામાં આવ્યો હતો.
- રદ્દ અંગે પસાર કરવામાં આવેલ આદેશ પણ અસ્પષ્ટ અને કોઈ પણ વિગત વગરનો હતો.
- રદ્દ અંગે પસાર કરવામાં આવેલ આદેશ ઉપર કરદાતાને રિવોકેશન અરજી કરવા જણાવવામાં આવ્યું હતું.
- કરદાતા દ્વારા રિવોકેશન અરજી નકરતો આદેશ પણ અધિકારી દ્વારા પસાર કરવામાં આવ્યો હતો જે પણ ખરાબ અને અસ્પષ્ટ છે.
- અધિકારીના આદેશમાં અસંખ્ય પ્રશ્નાર્થ ચિન્હ (?) છે જે શું સૂચવે છે એ અંગે અધિકારી દ્વારા ૧ સેકન્ડ પણ વિચાર કરવામાં આવ્યો નથી તે આશ્ચર્યજનક છે.
- અધિકારી દ્વારા આ પ્રકારના આદેશ પર સહી કરવામાં આવી એનો અર્થ એ છે કે અધિકારીએ આ નોટિસની વિગતોને સ્વીકારેલ છે.

### કરદાતા તરફે રજૂઆત:

- કરદાતા તરફે તેઓના વકીલ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે અધિકારી ઉપર કોર્ટની અવમાનનાનો કેસ ચલાવવામાં આવવો જોઈએ.

### સરકાર તરફે રજુઆત:

કોઈ દલીલ નથી

### કોર્ટનો ચુકાદો:

- કરદાતાના વકીલની દલીલ સાચી છે અને આ પ્રકારની નોટિસ અને આદેશ પસાર કરનાર વ્યક્તિ ઉપર કોર્ટની અવમાનના નો કેસ દાખલ કરી શકાય છે.
- પરંતુ હાલ કોર્ટ આ પ્રકારનો કેસ દાખલ કરી રહી નથી પરંતુ અધિકારીને સ્પષ્ટ તાકીદ કરવામાં આવે છે કે હવે પછી આ કોર્ટ પાસે આ પ્રકારના કેસ આવશે તો તે દિવસ આ અધિકારી માટે નોકરીનો છેલ્લો દિવસ હશે.
- અધિકારી દ્વારા આપવામાં આવેલ શો કોઝ નોટિસ, તેના દ્વારા પસાર કરવામાં આવેલ આદેશ આ સાથે રદ્દ કરવામાં આવે છે.
- કરદાતાનો જી.એસ.ટી. નંબર રિસ્ટોર કરવા આદેશ કરવામાં આવે છે.

(**સંપાદક નોંધ:** જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો રદ્દ કરવા સમયે મોટા પ્રમાણમા આ પ્રમાણે અસ્પષ્ટ તથા તથ્યો વિહીન આદેશ કરવામાં આવતા હોય છે. આ બાબત ઉપર ખુબજ ઉપયોગી ચુકાદો છે.)

*** (આ ચૂકદાઓનું અર્થઘટન ભવ્ય પોપટ (એડવોકેટ તથા એડિટર-ટેક્સ ટુડે) ના અંગત અર્થઘટન છે. વાંચકોના લાભાર્થે આ ચુકાદો આ લેખ સાથે જોડેલ છે.)**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના



**ટેક્સ ટુડે એક્સપર્ટ:**
CA મોનીષ શાહ, અમદાવાદ
એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
CA દિવ્યેશ સોઢા, પોરબંદર
એડવોકેટ ભવ્ય પોપટ

### 14th May 2022
### જી.એસ.ટી.

**અમારા અસીલના માલનું વાહન એક કરતાં વધુ ટ્રકમાં થવાનું છે. જ્યારે ઈંવોઇસ એક જ છે. આવા કિસ્સામાં મલ્ટી વિહિકલ વિકલ્પ દ્વારા E Way જનરેટ કરી શકાય? – પ્રશાંત મકવાણા, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબ: આ પ્રકારના સંજોગોમાં E Way બિલ બનાવવામાં CKD/SKDનો વિકલ્પ પસંદ કરવાનો રહે. જે ટ્રક સાથે પહેલો કનસાઈન્મેંટ મોકલવામાં આવે તેની સાથે ઓરિજનલ ઈંવોઇસ મોકલવાનું રહે જ્યારે ત્યારબાદના તમામ કનસાઈન્મેંટ સાથે ડિલિવરી ચલણ મોકલવાનું રહે તેવો અમારો મત છે. આ ડિલિવરી ચલણમાં ઈંવોઇસની વિગતો લખવાની રહે.

**અમારા અસીલને કેટરિંગ સર્વિસ પૂરી પાડવાનો ધંધો છે. તેઓ માલ સમાન સાથેના કેટરિંગ કોન્ટ્રાક્ટ રાખે છે. અમુક સંજોગોમાં માત્ર મજૂરી ઉપર જમવાનું બનાવવાના કોન્ટ્રાક્ટ રાખે છે. આ બન્ને સપ્લાયમાં વેરાના જણાવવા વિનંતી. – પટેલ અરવિંદકુમાર રણછોડલાલ એન્ડ કૂ. વિસનગર**

જવાબ: આપના અસીલ જ્યારે માલ સાથેનો કોન્ટ્રાક્ટ હોય તો જ આ સેવાને કેટરિંગ સર્વિસ કહેવાય. આ પ્રકારના માલ સાથેના કોન્ટ્રાક્ટ ઉપર ૫% લેખે જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે. માત્ર મજૂરીને લગતા કોન્ટ્રાક્ટ ઉપર ૧૮% લેખે જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

### 07th May 2022
### જી.એસ.ટી.

**અમારા અસીલ કંપોઝીશન ટેક્સપેયર છે. તેઓ ગુડ્સ અને સર્વિસ બન્ને સપ્લાય કરે છે. તેઓએ ગુડ્સ પર કેટલો અને સર્વિસ પર કેટલા દરે વેરો ચૂકવવાનો થાય? – ભાવેશ પી. ડાંગી, ટેક્સ એડવોકેટ, સુરેન્દ્રનગર**

જવાબ: આપના અસીલ જો જી.એસ.ટી. કલમ ૧૦(૧) હેઠળ મુખ્યત્વે માલના ઉત્પાદક કે ટ્રેડર હોય, ૧% (ટ્રેડરના કિસ્સામાં કરપાત્ર રકમ ઉપર ૧%) ભરવા પાત્ર બનો. જ્યારે કરદાતાનો મુખ્ય ધંધો માલ ઉત્પાદન કે વેપારનો હોય, ત્યારે જી.એસ.ટી. કાયદાની કલમ ૧૦(૧) ની પ્રોવિઝો મુજબ તેઓ પોતાના ટર્નઓવરના ૧૦%ની મર્યાદા અથવા ૫ લાખ બેમાંથી જે વધુ હોય તેટલી સેવા પૂરી પડી શકે છે. આ મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ સેવા ઉપર પણ અમારા માટે ૧% ના દરે જ વેરો લાગુ પડે. આ એક એવો મુદ્દો છે જેના ઉપર સરકાર દ્વારા સ્પષ્ટ ખુલાસો બહાર પડવો જરૂરી છે. જો આપના અસીલનો મૂક્યા ધંધો સેવા હોય તો તેઓ એ જી.એસ.ટી. કાયદાની કલમ 10(2A) હેઠળ પરવાનગી લેવાની રહે અને તેવા કિસ્સામાં ૬% નો જી.એસ.ટી. દર લાગુ પડે તેવો અમારો મત છે.

**અમારા અસીલ ઈ ઈંવોઈસ બનાવવા જવાબદાર છે. આ જનરેટ કરવામાં આવેલ ઈ ઈંવોઈસ GSTR 1માં દર્શાવે છે. આ બિલોમાં HSN દર્શાવતુ નથી. તઓ શું અમારે આ ઓટો પોપ્યુલેટ થયેલ ઈ ઈંવોઈસ રીસેટ કરી ફરી મેન્યુચલ ડેટા નાંખવો જોઈએ? – જગદીશભાઈ વ્યાસ, ટેક્સ એડવોકેટ, ડીસા**

જવાબ: ઓટો પોપ્યુલેટ થયેલ ઈ ઈંવોઈસમાં HSNના હોય ત્યારે ડેટા રીસેટ કરી એકાઉન્ટ મુજબ HSN સાથેનો ડેટા ચડાવવો જોઈએ તેવો અમારો મત છે.

### ૩૦ એપ્રિલ ૨૦૨૨
### જી.એસ.ટી.

**અમારા અસીલ જમીન ચકાસણીની સેવા APMCને કોન્ટ્રાક્ટ દ્વારા આપીએ છીએ. આ સેવા ઉપર ટેક્સનો દર તથા HSN જણાવવા વિનંતી. – બી.બી. કાચડિયા, ટેક્સ કન્સલ્ટન્ટ, ધોરાજી**

જવાબ: જમીન ચકાસણીની APMCને આપવામાં આવેલ સેવા ઉપર ૧૮% જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

**અમારા અસીલ સેંટરલ ગવર્નમેંટના બ્રિજના કામ કરે છે તથા લોકલ ઓથોરીટીના રોડ રસ્તાના કામો કરીએ છીએ. હાલમાં જે સુધારો થયો છે તે બાદ અમારી આ સેવા ઉપર ક્યાં દરે વેરો લાગે? – ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબ: સેંટરલ ગવર્નમેંટના બ્રિજના કામ તથા લોકલ ઓથોરીટીના રોડના કામ કરવા અંગે જી.એસ.ટી. દરોમાં કોઈ ફેરફાર થયો નથી અને બન્ને કામો ઉપર ૧૨% જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

**અમારા અસીલ પ્રાઈવેટ તથા ટ્રસ્ટની હોસ્પિટલમાં વેસ્ટ મેનેજમેંટ તથા સફાઈ અંગેના મેન પાવર પૂરા પાડવાની સેવા આપે છે. આ સેવા ઉપર ક્યાં દરે વેરો લાગે. – ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબ: મેન પાવર સપ્લાય અંગેની સેવા ઉપર ૧૮% ના દરે જી.એસ.ટી. લાગુ પડે અને આ સેવા કોને આપવામાં આવી છે તેનાથી જી.એસ.ટી. દરોમાં કોઈ ફેરફાર ના પડે તેવો અમારો મત છે.

**અમારા એક વેપારી એ મુંબઈથી રાજકોટ માટે કોપર (તાંબું) ૧૦ ટન ટુ પે મુજબ ટ્રક માં માલ બૂક મોકલ્યો. વેપારીનું ટર્નઓવર ૨૦ કરોડ કરતાં વધારે હોય વેપારીએ e-invoice બનાવેલ છે. તેમજ e-waybill તેમજ Weightment Slip જેવા દરેક ડોક્યુમેંટ બનાવેલ છે. પાંચ દિવસ થવા છતાં માલ ડેસ્ટિનેસન ઉપર નહીં પહોચતા માલૂમ પડ્યું કે માલ ભરેલ ટ્રકનો કોઈ પતો લાગતો નહીં હોવાથી ચોરીની શંકા લાગતાં પોલીસમાં FIR દાખલ કરેલ છે. આ કેસ માં વેપારીએ શું કરવું જોઈએ?**
**જીએસટીઆર–૧ ફાઈલમાં આ વ્યવહારની વિગત દર્શાવી જોઈએ કે નહીં? જો જીએસટીઆર–૧માં બતાવવામાં આવે તો વેપારી ને ટેક્સ ભરવો પડે અને સામે ખરીદનારને માલ નહીં મળ્યો હોય ITC ની ક્રેડિટ તેને મળશે નહીં. તો ઉપરોક્ત કેસ માં શું કરવું તે અંગે આપનું મંતવ્ય આપવા વિનંતી. – વિપુલ વ્યાસ – રાજકોટ**

જવાબ: આપના અસિલે ઈ વે બિલ તથા ઈ ઈંવોઈસ હવે કેન્સલ થઈ શકે તેમ ના હોય તે ધારણા સાથે અમારા મતે આ કિસ્સામાં તમારે જી.એસ.ટી.આર. ૧માં આ ઈંવોઈસનું વેચાણ દર્શાવી આ અંગે એ જ રિટર્નમાં ક્રેડિટ નોટ દર્શાવવી જોઈએ તેવો અમારો મત છે. આ વેચાણ સંદર્ભે તમારે ખરીદીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ઘટાડવાની રહે તે બાબતની નોંધ લેવી.

### 24th એપ્રિલ ૨૦૨૨
### જી.એસ.ટી.

**અમારા અસીલ એક નામાંકિત ફૂડ ચેઈન કંપનીની ફ્રેંચાઇઝી ધરાવીએ છીએ, જેમાં પીઝા બનાવી ત્યાંજ સર્વ કરવામાં આવે છે. આ ઉપરાંત કેક, કોલ્ડડ્રિંક ખરીદી કરી સપ્લાય કરીએ છીએ. અમો આ વસ્તુ ઓનલાઈન એપ દ્વારા સપ્લાય નથી કરતાં. આ સેવા અમે અમારા ધંધાના સ્થળ ઉપર જ ગ્રાહકોને આપીએ છીએ. અમો પીઝા ઉપર ૫% જી.એસ.ટી. ઉઘરવીએ છીએ. કેક અને કોલ્ડડ્રિંક ઉપર જે તે દરે ટેક્સ ઉઘરવી તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લઈએ છીએ. પીઝા તથા કોલ્ડડ્રિંકનું બિલ સાથે બનાવીએ તો જી.એસ.ટી. કેવી રીતે લાગે તે જણાવવા વિનંતી. – હર્ષ શાહ, ચોટીલા**

જવાબ: આપના અસીલની સેવા એ રેસ્ટોરન્ટની સેવા ગણાય. આ સેવા રેસ્ટોરન્ટમાં આપવામાં આવતી હોય તો સંપૂર્ણ સેવા ઉપર ૫%ના દરે જી.એસ.ટી. લાગુ પડે. આ સેવા આપવામાં ખરીદવામાં આવેલ કોઈ માલ કે સેવાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં તેવો અમારો મત છે.

**અમારા એક અસીલના કિસ્સામાં અમોએ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮નું વેચાણ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯માં દર્શાવેલ છે. ભવિષ્યમાં અમારા ઉપર વ્યાજની જવાબદારી આવે તો તે ITC બાદ ભરવાપાત્ર રકમ પર આવે કે ગ્રોસ રકમ ઉપર લાગુ પડે? – જગદીશભાઈ વ્યાસ, એડવોકેટ ડીસા**

જવાબ: આપના અસીલના ૨૦૧૭-૧૮ના વેચનો જે ૨૦૧૮-૧૯ માં દર્શાવવામાં આવ્યા છે તેમાં જે રકમ કેશ લેજર થકી ભરવાની થશે તે રકમ ઉપર જ વ્યાજની જવાબદારી આવે તેવો અમારો મત છે.

**અમારા અસીલ માલ પરિવહનનો મુખ્ય વ્યવસાય સાથે સંકળાયેલ છે. તેઓ દ્વારા આ ધંધા માટે ટ્રકની ખરીદી કરેલ છે જેમાં તેઓ પાસે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પડેલ છે. આજ ધંધાના જી.એસ.ટી. નંબર હેઠળ તેઓ હવે એરંડા વેપારનો ધંધો કરે છે. ટ્રક ઉપર ઊભી છે તે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓને આ એરંડાના ધંધામાં સેટ ઓફ કરી શકે? – પ્રતિક પટેલ, એકાઉન્ટન્ટ, ભચાઉ**

જવાબ: હા, આપના અસીલ પાસે રહેલી ટ્રકની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓ એરંડાના આઉટપુટ સામે મજરે લઈ શકે તેવો અમારો મત છે. આ બાબતે આકારણીમાં અધિકારી દ્વારા પ્રશ્નો ઊભા થઈ શકે છે. તે બાબતે લડત કરવાની તૈયારી રાખવી જરૂરી છે. જો કે RCM હેઠળ વેરો ભરવામાં આવતો હોય તેવા ટ્રાન્સપોર્ટેશન ધંધાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લઈ શકે નહીં જેની ખાસ નોંધ લેવી.

### ઈન્કમ ટેક્સ

**મારા પિતશ્રીના ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં આવક ડબલ ગણવામાં આવેલ છે. આ સામે અમે ઇન્કમ ટેક્સ કલમ ૧૫૪ હેઠળ અરજી કરી છતાં પણ ડિમાન્ડ દર્શાવે છે. આ અંગે ઉપાય જણાવવા વિનંતી. – ચિંતન સંઘવી, કરદાતા**

જવાબ: આ પ્રશ્ન એક વાવહારિક પ્રશ્ન છે. જે તે કેસમાં ભરવામાં આવેલ ઇન્કમ ટેક્સ રિટર્ન, ઇન્કમ ટેક્સ હેઠળ પસાર થયેલ ૧૪૩(૧) નો આદેશ જોઈ આ બાબતે અભિપ્રાય આપી શકાય. જો આપના દ્વારા કરદાતા તરીકે જાતે રિટર્ન ભરવામાં આવ્યું હોય તો ખાસ આ અંગે ટેક્સ પ્રોફેશનલની સેવા લો તેવી અમારી ખાસ સલાહ છે.

**અમારા અસીલનું ગત વર્ષનું ટર્નઓવર ૧૦ કરોડથી વધુ છે. તેના ઉપર ખરીદ વેચાણના વ્યવહારોમાં TDS તથા TCSની જોગવાઈ લાગુ પડે. અમારો પ્રશ્ન એ છે કે દરેક પાર્ટી દીઠ જે ૫૦ લાખની મર્યાદા છે તે ગયા વર્ષ મુજબની જોવાની રહે કે ચાલુ વર્ષે ફરી ૫૦ લાખની મર્યાદાનો લાભ મળે? – પિયુષ લિંબાણી, ટેક્સ કન્સલ્ટન્ટ કચ્છ**

જવાબ:ઇન્કમ ટેક્સ હેઠળ દર વર્ષે ૫૦ લાખની મર્યાદા લાગુ પડે તેવો અમારો મત છે.

### –:: ખાસ નોંધ ::–

૧. મિત્રો, આ પ્રશ્નોના જવાબ સામાન્ય સંજોગોમાં આપવામાં આવતા હોય છે. અમારા મતે જી.એસ.ટી.ની જોગવાઇઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગેના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવાનો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરાના દર અંગેના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડેને આ સેવા વાચકોના લાભાર્થે આપે છે. તમામ વાચકોને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડેને નીચે આપેલ ઈ-મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગોમાં વાચકોને વિનંતી કે એક્સપર્ટ્સનો સીધો સંપર્ક બિન વ્યવસાયી રીતેના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ મને taxtodayuna@gmail.com પર ઈમેઈલ કરી શકો છો. સોમવારથી શુક્રવાર સુધી આવેલા પ્રશ્નોના જવાબ શક્ય હોય ત્યાં સુધી પછીના સોમવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

**ડિસ્કલેમર:** આ કૉલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદાના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકોના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# 'તૌકતે' વાવાઝોડાનું એક વર્ષઃ કુદરત સામે ઝઝૂમતી માનવ આશ





તા. ૧૭.૦૫.૨૦૨૨: ૧૭ મે ૨૦૨૧, સૌરાષ્ટ્રના દરિયાકિનારા ઉપર કદાચ ઇતિહાસનું સૌથી મોટું વાવાઝોડૂ ફૂંકાયું. સૌરાષ્ટ્રમાં ખાસ કરીને ઉના પંથકને આ વાવાઝોડાએ સૌથી વધુ પ્રભાવિત કર્યું હતું. દેશના સૌથી મોટા તાલુકામાં એક જે તાલુકાની ગણના થાય છે તેવા ઉના તાલુકા માટે આ દિવસ કદી ભૂલી શકશે નહીં. મુખ્યત્વે ખેતી ઉપર આધારીત આ તાલુકો, ૧૭ મે ૨૦૨૧ના દિવસે કેરી–નાળિયેરી સહિતના પાકને મરણતોલ ફટકો પડ્યો. સાંજે ૫ કલાકથી શરૂ થયેલ તોફાની પવન દ્વારા રાત્રે આવનારી આફતની વણલિખિત ચેતવણી આપવામાં આવી રહી હતી. મારા જેવા અસંખ્ય લોકો હશે જેઓએ આ વાવાઝોડા અંગેની હવામાન વિભાગની ચેતવણીને જોઈએ તેવી ગંભીરતાથી લીધી નહીં હોય, જોઈએ તેવી બચાવની તૈયારી પણ કરી નહીં હોય. જો કે શક્તિશાળી તૌક્તેના જાત અનુભવ પછી એટલું ચોક્કસ કહીશ કે કદાચ ગમે તેવી તૈયારી કરી હોય તો પણ કુદરતની વિનાશક્તા સામે માનવીની કોઈ વિસાત નથી!! લોકોની સાવચેતી, સરકારી તૈયારી તથા ટેકનૉલોજિ દ્વારા આગમચેતીના કારણે માનવ જીવનને પ્રમાણમા ખૂબ ઓછું નુકસાન થયું હતું. પંથકમાં માલ–મિલકતને ખૂબ મોટું નુકસાન થયું હતું. દિવસો સુધી પંથકના લોકોએ વીજળી–પાણીની અછતનો સામનો કર્યો હતો. પંથકના લોકોનું સામાન્ય જીવન લગભગ ૧ મહિના સુધી ખોરવાયેલું રહ્યું હતું. આજે આ શક્તિશાળી વાવાઝોડાના એક વર્ષ બાદ શું છે પરિસ્થિતિ આ પંથકની???

**ખેતી આધારિત ઉના થયું અનાથ**

ઉના પંથકનો આર્થિક વિકાસના પ્રાણ ખૂબ મોટા પાયે ખેતી ઉપર આધારિત છે. ભૌગોલિક દૂરીના કારણે મોટા ઉદ્યોગ આ પંથકમાં આવી શક્યા નથી. જે થોડા નાના મોટા ઉદ્યોગ છે તે પણ ખેતી આધારિત છે. દાણાના કારખાના, કોટન જિનિંગ ઉદ્યોગ, ડુંગળી–લસણને પ્રોસેસ કરતાં ડી–હાઈડ્રેશન ઉદ્યોગ એ ઉના ખાતેના ઉદ્યોગમાં મુખ્ય છે. માછીમારી પણ પંથકનો મહત્વનો ઉદ્યોગ ગણાય છે. આ ઉપરાંત મોટા પ્રમાણમા આજુબાજુના વિસ્તારમાં ગામડાઓ હોવાના કારણે ઉનાનો વેપાર પણ પ્રમાણમા સારો ગણવામાં આવે છે. પરંતુ આ ઉદ્યોગ હોય, વેપાર હોય કે અન્ય કોઈ આર્થિક પ્રવૃતિ, આ તમામનો આધાર મૂળભૂત રીતે તો ખેતી પર જ રહેલો છે. જો ખેતી સદ્ધર તો આ તમામ પ્રવૃતિઓ વેગવંતી બની રહેતી હોય છે.

૧૭ મે ૨૦૨૧ ના રોજ ઉના પંથક ઉપર ત્રાટકેલા શક્તિશાળી તોફાનના કારણે ઉનાની ખેતીને અકલ્પનીય નુકસાન થયું હતું. મગફળી–કપાસ જેવા રોકડિયા પાકની ખેતી કરતાં ખેડૂતોના પાકને પારાવાર નુકસાન થયું જ હતું અને તેઓએ પોતાની વાર્ષિક આવકમાં ખાસ્સું એવું નુકસાન કર્યું જ હતું. આ સામે નાળિયેરીનો બગીચો કે આંબાનો બગીચો ધરાવતા ખેડૂતોએ જે માર સહન કર્યો છે તે અકલ્પનીય છે. સામાન્ય રીતે આંબા કે નાળિયેરીનો સારો બાગ તૈયાર કરતાં ખેડૂતને પાંચથી ૧૦ વર્ષ લાગતાં હોય છે. આવી રીતે આટલા વર્ષોની મહેનતથી તૈયાર થયેલ બાગ તૌક્તે દ્વારા માત્ર એક રાતમાં લગભગ સંપૂર્ણ રીતે નાશ કરી નાખ્યો હતો. તૌક્તે ના વિનાશક સમાપન બાદ જ્યારે ખેડૂતો પોતાની વાડી પર ગયા ત્યારે અનેક ખેડૂતો પોતાની ખેતીની હાલત જોઈ ધ્રુશકે–ધ્રુશકે રડ્યા હોવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. કોઈ વ્યક્તિ તથા પરિવારની ૫ થી ૧૦ વર્ષની મહેનત ઉપર માત્ર ૧ દિવસમાં પાણી ફરી જાઈ ત્યારે શું હાલત થાય તે અંગે કલ્પના કરતાં પણ એરએરાટી છૂટી જાઇ છે. રોકડિયા પાક સાથે જોડાયેલ ખેડૂતોએ મન માનવી ફરી ખેતીના ભગીરથ કર્યામાં જોડાઈ લગભગ આજે સામાન્ય સ્થિતિમાં પહોચવામાં સફળ થઈ ગયા છે. જ્યારે આંબા–નાળિયેરી જેવા બાગાયતી ખેતી કરનાર ખેડૂતો ગમે તેટલી મહેનત કરે તો પણ પોતાના ખેતરમાં પહેલા જેવી રોનક પાછી આવતા ઓછામાં ઓછો અળધો દાયકો લાગી જશે!!

**કેરી બની ગઈ છે દુર્લભ!!**

'તૌકતે'ના એક વર્ષ પાછી જો પરિસ્થિતી સૌથી વધુ બગડી હોય તો તે કેરીના પાકની ગણી શકાય. કેસર કેરી માટે જાણીતો આ નાઘેર પ્રદેશ આજે સારી કેરી મેળવવા માટે વલખાં મારી રહ્યો છે. સમગ્ર પંથકમાં કેરીના ઉત્પાદનને મોટો ફટકો પડ્યો હોય, બજારમાં સારી કેરીની ઉપલબ્ધતા ખૂબ ઓછી છે. અર્થતંત્રનો સામાન્ય નિયમ છે કે પુરવઠો (સપ્લાય) ઘટે એટ્લે ભાવ વધે. 'તૌકતે' ના કારણે કેરીના પુરવઠામાં ખૂબ ઘટાડો થયો હોય ભાવ પ્રમાણમા વધી ગયા છે. કેરીના શોખીનો એ ફરિયાદ પણ કરે છે કે ઊંચા ભાવે ખરીદેલ કેરીમાં પણ જોઈએ તેવા સ્વાદનો અભાવ છે.

**મીંઠું નાળિયર પણ બની ગયું છે કડવું (મોંઘું)!!**

ઉના પંથકએ દરિયાઈ વિસ્તાર હોય નાળિયેરનો પણ વિપુલ પાક આ વિસ્તારમાં થાય છે. આ વિસ્તારના નાળિયેરને સૌથી મીંઠા નાળિયેર તરીકે માનવમાં આવે છે. 'તૌકતે' બાદ આ પાકમાં પણ મોટા પ્રમાણમા ઘટાડો આવ્યો છે. ખેડૂતોના બગીચાઓના નાશ થતાં ઉના પંથકના નાળિયેરના પુરવઠામાં મોટા પ્રમાણમા ઘટાડો થયો છે. આમ થવાથી પંથકના લોકો માટે કોડીનાર અને આસપાસના વિસ્તારોમાંથી નાળિયેરના પાક માટે અવલંબિત બની ગયા છે. આ કારણે નાળિયેરની કિંમતમાં વધારો થયો છે. નાળિયેરમાં પણ એક વર્ગ એવું માને છે કે બહારથી આવતા નાળિયેરમાં ઉના પંથકના નાળિયેર જેવી મીઠાશનો અભાવ છે.

**માછીમારી ઉદ્યોગને પણ થઈ ખૂબ માઠી અસર!!**

ખેતી બાદ પંથકની આર્થિક પ્રવૃતિમાં સૌથી મહત્વનુ ગણી સહકાય તો તે છે માછીમારી ઉદ્યોગ. 'તૌકતે'ના ત્રાસથી અનેક 'ફિશિંગ બોટો'ને મરણતોલ ફટકો પડ્યો હતો. આ ફટકાને પહોચી વળવા મોટાભાગના માછીમારો પાસે વીમાની કોઈ જોગવાઈ ના હતી. આ કારણે મોટાભાગના માછીમારી સાથે જોડાયેલ ધંધાર્થીઓએ પારાવાર નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. રાજકીય અને સામાજિક આગેવાનો દ્વારા કરવામાં આવેલ વિવિધ રજૂઆતોના પગલે સરકાર દ્વારા આ ઉદ્યોગને આર્થિક સહાય આપવામાં આવી હતી. આજે આ માછીમારી ઉદ્યોગ 'તૌકતે'ના વિનાશ પાછળ છોડી લગભગ પુનઃ વેગવંતો બની રહ્યો છે.

**ઉદ્યોગ ક્ષેત્ર પર અસર**

ઉના પંથકના ઉદ્યોગએ મુખ્યત્વે ખેતી આધારિત ઉદ્યોગ છે. કોટન જિનિંગ ઉદ્યોગ, મગફળીના કારખાના, ડુંગળી લસણના ડીહાઈડ્રેશન જેવા ઉદ્યોગોને 'તૌકતે' બાદ ઉત્પાદન માટે માલ મેળવવામાં થોડી તકલીફ પડી. આ તમામ ઉદ્યોગો રોકડિયા પાક આધારિત હોય, થોડા સમયમાં કાચા માલનો પુરવઠો પુનઃસ્થાપિત થઈ ગયો છે. આ ઉદ્યોગોનું વેચાણ તથા વેપાર મુખ્યત્વે સમગ્ર રાજ્ય-દેશ તથા વિદેશની બજારો ઉપર આધારિત હોય, આ ઉદ્યોગો 'તૌકતે'ના મારમાંથી પ્રમાણમા જલ્દી બહાર આવી શક્યો છે. ઉપરાંત યોગ્ય રીતે વીમા કવચ હોવાના કારણે પણ ઉદ્યોગો પ્રમાણમા જલ્દી બહાર આવી શક્યા.

**વેપાર–રોજગાર પર અસર**

ઉપર જણાવેલ છે તેમ ઉના પંથકનું અર્થતંત્રએ મુખ્યત્વે રીતે ખેતી આધારીત છે. ખેતીની અવદશાના કારણે બજારમાં રોનકનો અભાવ છે. કોઈ પણ વેપારમાં ખરીદી કરનાર વર્ગ મોટાભાગે ખેડૂતો હોય, ખરીદશક્તિના અભાવે બજારમાં મંદીનો અનુભવ થઈ રહ્યો છે. હા, 'તૌકતે' પાછી અમુક જરૂરિયાતની વસ્તુઓ ખરીદવી ફરજિયાત હોય, આવા વેપાર સાથે જોડાયેલ લોકોએ ક્ષણિક તેજીનો અનુભવ કર્યો હતો, પરંતુ નિષ્ણાંતો માની રહ્યા છે કે આજે એક વર્ષ પાછી બજારમાં જોઈએ તેવી

(અનુસંધાન બીજા પાને)

DSC SCHOOL Of COMMERCE
Veraval Road, Near Lamdhar Fatak, Una. Mo.+91 8758470700
ENGLISH MEDIUM &
ગુજરાતી મીડિયમ
Std. 1 to 10
-: શાળાની વિશેષતાઓ :-
૧. ''સ્ટ્રેસ ફ્રી'' એજ્યુકેશન.
૨. અભ્યાસ સાથે વિવિધ પ્રવૃતિઓ દ્વારા પ્રેક્ટિકલ એજ્યુકેશન.
૩. કોમ્પ્યુટર, ટેલીવીઝન તથા પ્રોજેકટરના માધ્યમથી શિક્ષણ.
૪. શાળાના વિદ્યાર્થીઓ માટે ટ્યુશનની વિશિષ્ટ વ્યવસ્થા.
૫. શાળા વિદ્યાર્થીઓ માટે ઇંગ્લીશ સ્પીકીંગ કોર્ષ.
૬. શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્રકામ, યોગા જેવા વિશિષ્ટ વર્કશોપ
તો આજેજ આપના બાળકનાં ઉજ્જવળ ભવિષ્ય માટે
DSC PUBLIC SCHOOLમાં એડમિશન લો
એડમિશનની વધુ વિગતો માટે વિઝીટ કરો:
http://www.dscpublicschool.org

◆ Year: 6, ◆ Issue No.7, ◆ Continue Issue No.67, ◆ Date: 21/05/2022, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.